ક્રમાંક/સ્ટેમ્પ/નક્ષણ/ ૧૦૯ /૨૦૦૫ /૧૦૮૫૪

સુપ્રિ.ઓફ.સ્ટેમ્પસશ્રીની કચેરી,
સ્ટેમ્પ અને નોંધણી ભવન,
સેકટર-૧૩-સી'ખ'રોડ,
ગાંધીનગર.
તાઃ ૨/૯/૦૫

<u>વંચાણમાં લીધુઃ-</u>

(૧)અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંક/સ્ટેમ્પ/નક્ષણ/૧૦૯/૨૦૦૫/૭૮૩૪ તાઃ૨૭/૫/૦૫
(૨)અત્રેની કચેરીના પત્ર ક્રમાંક/સ્ટેમ્પ/નક્ષણ/૧૦૯/૨૦૦૫/૮૪૫૫ તાઃ૧૪/૬/૦૫

<u>પરિપત્રઃ-</u>

સબરજીસ્ટ્રાર કચેરીમાં નોંધણી અર્થે રજુ થતાં કેટલાક લેટર ઓફ એલોટમેન્ટના દસ્તાવેજોમાં ફલેટ/મકાન ના બાંધકામ સહિતની જમીન અથવા જમીનના ભાગે પડતા હિસ્સાની ફાળવણી બતાવવાને બદલે માત્ર અનડીવાઈડેડ એન્ડ અનસ્પેસિફાઈડ શેર ઈન ધ લેન્ડ (જમીનનો વણ વહેંચાયેલ હિસ્સો)એમ બતાવેલ દસ્તાવેજો રજુ થાય ત્યારે તારીખ ૨૭/૫/૦૫ ના પરિપત્ર ક્રમાંક/સ્ટેમ્પ/નક્ષણ/૧૦૯/૨૦૦૫/૭૮૩૪ મુજબ કાર્યવાહી કરવા જણાવેલ છે.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૮ ની કલમ ૨ જી માલિકીફેરખતની વ્યાખ્યામાં(૧) વેચાણ(૨)દરેક દસ્તાવેજ(૩)કોઈપણ દિવાની અદાલતના હુકમનામા અથવા આખરી હુકમનામા અને (૪)કંપનીઓના જોડાણના અથવા પુનઃરચનાના સંબંધમાં ૧૯૫૬ ના કંપની અધિનિયમની કલમ ૩૯૪ નીચે ઉચ્ચ ન્યાયાલયે આપેલ દરેક હુકમ ઉપરાંત કો.ઓ.હા.સો.ઓ/ કંપનીઓ/ નોન ટ્રેડીંગ એસો. અથવા ગુજરાત માલિકી ફ્લેટ અધિનિયમ ૧૯૭૩ હેઠળ રચાયેલ અને રજીસ્ટર થયેલ કોર્પોરેશન અથવા એસો.પોતાના સભ્યોને અથવા ફાળવણીદારને આપેલ જગ્યાને લગતા ફાળવણી પત્રોનો પણ સમાવેશ થાય છે.જેથી માત્ર કલમ-૨(જી)(વી)પૂરતું જ નહિ પરંતુ આવા "માલિકીફેરખત"વ્યાખ્યામાં સમાવેશ થયેલ તમામ પ્રકારના વણ વહેંચાયેલ જમીનના લેખોમાં પણ તારીખ તાઃ૨૭/૫/૦૫ તથા તારીખ ૧૪/૬/૦૫ ના પરિપત્રોની અમલવારી કરવાની થાય છે.

આવી કાર્યવાહી કરતાં પ્રજામાં મુશ્કેલી અને અગવડતા ઉપસ્થિત ન થવા પામે તે માટે આવા લેખો રજુ થાય ત્યારે સબરજીસ્ટ્રારશ્રીએ તુરતજ દિન-ત્રણ માં નાયબ કલેકટરશ્રી સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકનતંત્ર ને મોકલી આપવાના રહેશે.નાયબ કલેકટરશ્રીએ પણ આવા લેખ મળ્યેથી દિન-ત્રીસ માં સ્થળતપાસ કરી અગ્રતાક્રમે તેની કાર્યવાહી કરવાની રહેશે.પ્રત્યેક આવા કેસમાં અચૂકપણે એન.એ.પરવાનગી,બાંધકામના પ્લાન મંજુર કરેલ હોય તો તેની હુકમની નકલ તથા બી.યુ.પી(બાંધકામ વપરાશની પરવાનગી) ના હુકમની નકલ પક્ષકાર પાસેથી રજુ કરાવી તથા જો પક્ષકાર આ વિગતો રજુ ન કરે તો નાયબ કલેકટરશ્રીએ સ્વયં સ્થાનિક સત્તાધિકારી પાસેથી પ્લાન પાસ તથા બી.યુ.પી ની તારીખની વિગત રુબરુમાં મેળવી ૩૨(ક) ના કેસના રેકર્ડ(પી.સી) માં અચૂકપણે રાખવીજરુર જણાય તેવા કિસ્સામાં સબંધિત વિધુત કંપની એ કઈ તારીખે વીજળી જોડાણ જે તે મિલકતને/ફલેટને અલગથી આપેલ છે તેની તારીખની વિગત પણ મેળવીને કેસ પેપર્સમાં સામેલ રાખવી. અને પક્ષકારે રજુ કરેલ રેકર્ડ સાથે મેળવેલ રેકર્ડ નું ક્રોસ વેરીફીકેશન કરી અને અત્રેની કચેરીના તાઃ૨૭/૫/૦૫ તેમજ તાઃ૧૪/૬/૦૫ ના પરિપત્રોને વંચાણે લઈ હકીકતોનું તથા પક્ષકારે રજુ

PDT

કરેલ ઉપરોક્ત પુરાવાઓ તથા નાયબ કલેકટરશ્રીએ સ્વયં એકત્રિત પુરાવાઓનું વિવરણ ફાઈલ ઉપર, કરી તથા હુકમમાં પણ તેનું વિવરણ દર્શાવી નિર્ણય લેવાનો રહેશે. અને આવા બાંધકામ દર્શાવ્યા સિવાયના માત્ર વહેંચાયેલ જમીનના એલોટમેન્ટ તથા વેચાણના કેસો અંગેનું માસવાર પત્રક સબરજીસ્ટ્રારશ્રીએ ત્રણ નકલમાં નિભાવવાનું રહેશે.(પત્રકનો નમૂનો આ સાથે સામેલ છે) સદરહુ પત્રક ના કોલમ નં.૧ થી ૭ સબ.રજીશ્રીએ સહી કરી બે નકલ નાયબ કલેકટર સ્ટેમ્પ ડયુટી મુંલ્યાંકનતંત્ર ને મોકલવાની રહેશે. અનેનાયબ કલેકટર સ્ટેમ્પ ડયુટી મુંલ્યાંકનતંત્ર એ સબ.રજીશ્રીએ મોકલેલ બે નકલો ત્યારબાદનો માસ પુર્ણ થયાબાદ કોલમનં.૮ થી ૧૪ ની વિગત ભરી એક નકલ વડી કચેરીને મોકલવાની રહેશે. દા.ત.સબ રજી.શ્રી જુલાઈ માસની વિગતો ઓગષ્ટ માસની પાંચમી તારીખ સુધીમાં નાયબ કલેકટર સ્ટેમ્પ ડયુટી મુંલ્યાંકનતંત્ર ને બે નકલમાં રજુ કરશે અનેનાયબ કલેકટર સ્ટેમ્પ ડયુટી મુંલ્યાંકનતંત્ર ને જુલાઈ માસના પત્રકમાં દર્શાવેલ કેસોનો ઓગષ્ટ માસમાં નિકાલ કરી પત્રકમાં લાગુ પડતી વિગતો ભરી સપ્ટેમ્બર ની ૫ મી તારીખ સુધીમાં રજુ કરશે.

ઉપરોક્ત આપેલ સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવા આથી જણાવવામાં આવે છે.

(સહી) ૨/૦૭

સુપ્રિ.ઓફ.સ્ટેમ્પસ,
અને,
નોંધણી સર નિરીક્ષક,
ગુ.રા.ગાંધીનગર.

પ્રતિ,
(૧)નાયબ કલેકટરશ્રી,
સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકનતંત્ર,
.....................
(૨)સબરજી.શ્રી,
(તમામ)

<u>નકલ સવિનય રવાના:-</u>

નાયબ સચિવશ્રી,મહેસુલ વિભાગ,હ-૧ શાખા,સચિવાલય,ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

૧.અધિક સુપ્રિ.ઓફ.સ્ટેમ્પસ,ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
૨.નાયબ સુપ્રિ.ઓફ.સ્ટેમ્પસ,ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
૩.નાયબ નોંધણીસર નિરીક્ષક,ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
૪.નાયબ મદદનીશ સુપ્રિ.ઓફ.સ્ટેમ્પસ,લીગલ/અપીલ/મહેકમ
૫.ચીફ ઈન્સ્પેકટર ઓફ સ્ટેમ્પસ,તપાસણી/નક્ષણ.
૬, [illegible]

PDT 

સબરજીસ્ટ્રાર કચેરી...............

મ.હે................દરમ્યાનની વિગત.

બાંધકામ દર્શાવ્યા સિવાય માત્ર વણવહેંચાયેલ જમીનના એલોટમેન્ટ અથવા વેચાણના કેસો અંગેનું પત્રક:-

| સ.ર. કચેરીનું નામ | દસ્તાવેજ નંબર અને રજુ થયા તારીખ | દસ્તાવેજમાં દર્શાવેલ અવેજ | દસ્તાવેજમાં વાપરેલ સ્ટેમ્પ ડયુટી | સ.ર.શ્રીએ ના.કલેશ્રીને રેફ.થી કેસ મોકલ્યા તારીખ | કેસની સાથે આવેલ પુરાવાઓની વિગત | | | | નાયબ કલેકટરે સ્વયં મેળવેલ પુરાવાઓની વિગત | | | | સ્થળ તપાસ કરવામાં આવી હોયતો કયા અધિ.શ્રીએ કરી અને કઈ તારીખે તેની વિગત | લેવામાં આવેલ નિર્ણયની તારીખ અને વિગત | વસુલ કરેલ ખુટતી સ્ટેમ્પ ડયુટી અને દંડની રકમ | ચલણ નંબર અને તારીખ | સ.ર.શ્રીને કેસ પરત કર્યા તારીખ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | એન.એ. પરવાનગી | બાંધકામના પ્લાન મંજુરીના હુકમની નકલ | બીયુપીના હુકમની નકલ | વિજળી જોડાણની તારીખ | એન.એ. પરવાનગી | બાંધકામના પ્લાન મંજુરીના હુકમની નકલ | બીયુપીના હુકમની નકલ | વિજળી જોડાણની તારીખ | | | | | | |
| | | | | | એ | બી | સી | ડી | એ | બી | સી | ડી | | | | | | |
| ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | | | | ૮ | | | | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| | | | | | | | | | | | | | | | | | | |

સબરજીસ્ટારની સહી

નાયબ કલેકટરની સહી